# બી.એડ. દ્વિ–વાર્ષિક અભ્યાસક્રમમાં ઈન્ટર્નશીપ કાર્યક્રમને અસરકારક બનાવવાની વ્યૂહરચનાઓ

**ડૉ.ભાવેશ આઈ રાવલ**
આચાર્ય, શ્રી મહાવીર વિધ્યા મંદિર ટ્રસ્ટ બી.એડ્ કૉલેજ, પાંડેસરા, સુરત
Mo. 9428020168 Email:- ravalb09@gmail.com

બી.એડ.ના દ્વિ–વાર્ષિક અભ્યાસક્રમમાં ઈન્ટર્નશીપ કાર્યક્રમ ફરજીયાત છે. ઈન્ટર્નશીપનો કુલ ૧૫ અઠવાડિયાનો લાંબો સમયગાળો કૉલેજ, તાલીમાર્થીઓ અને ઈન્ટર્નશીપ શાળાઓ માટે વ્યવહારું પડકારો સર્જે છે. તાલીમાર્થીઓના વિકાસના ઉમદા હેતુથી અમલમાં આવેલ ઈન્ટર્નશીપ કાર્યક્રમની સમીક્ષા કરવી જરૂરી છે. તેમજ પ્રાપ્ત પરિણામોના આધારે ઈન્ટર્નશીપને અસરકારક બનાવવા માટે કેટલીક વ્યૂહરચનાઓ ઘડતર કરવું પડે. બી.એડ.માં સુનિયોજિત ઈન્ટર્નશીપ કાર્યક્રમ વધુ અર્થપૂર્ણ બની શકે. પ્રસ્તુત અભ્યાસમાં એક શિક્ષણ મહાવિદ્યાલયના ૨૦૧૮–'૧૯ના ૪૬ તાલીમાર્થીઓની બે તબક્કાની ઈન્ટર્નશીપના અનુભવકથનના આધારે પ્રાપ્ત માહિતીનું ગુણાત્મક વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. પ્રથમ તબક્કાના અનુભવકથનના આધારે તાલીમાર્થીઓની સમસ્યાઓ તારવી તેના આધારે પ્રાથમિક વ્યૂહરચનાઓ ઘડવામાં આવી હતી. જયારે બીજા તબક્કાની ઈન્ટર્નશીપના અનુભવકથનના આધારે અમલ કરેલી વ્યૂહરચનાઓ કેટલી અને કેટલે અંશે સફળ થઇ તેની સમીક્ષા કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતીના આધારે જાણવા મળ્યું કે– યોગ્ય રીતે વ્યૂહરચના ઘડવામાં આવે તાલીમાર્થીઓને ઈન્ટર્નશીપમાં નડતી સમસ્યાઓ ઘટે છે. કાર્યોની અર્થપૂર્ણતા વધે છે. તાલીમાર્થીઓ મહાવિદ્યાલયના નિર્દેશોના આધારે રચનાતમ્ક કાર્ય કરી શકે છે. તાલીમાર્થીઓમાં જરૂરી મૂલ્યોનું ઘડતર કરી શકાય છે.

ચાવીરૂપ શબ્દો: બી.એડ., ઈન્ટર્નશીપ કાર્યક્રમ, મૂલ્યો.

## પ્રસ્તાવના

ઈન્ટર્નશીપ કાર્યક્રમનો ખ્યાલ મૂળ તબીબી અને ઈજનેરી વિદ્યાશાખામાંથી આવ્યો છે. સમયના વહેણ સાથે સંચાલકીય અને શિક્ષણ ક્ષેત્રે પણ આ ખ્યાલ અમલમાં આવ્યો. બી.એડ. દ્વિ–વાર્ષિક અભ્યાસક્રમમાં ઈન્ટર્નશીપ કાર્યક્રમના અમલ પાછળનો મુખ્ય આશય 'તાલીમાર્થીઓ શાળેય પરિસ્થિતિનો પૂરતો અનુભવ પ્રાપ્ત કરે તે છે.' ઈન્ટર્નશીપ કાર્યક્રમ ફરજીયાત હોવાથી દરેક યુનિવર્સીટીઓમાં સંલગ્ન કૉલેજોમાં તેનો અમલ થાય છે. પણ કૉલેજો પોત પોતાની રીતે અમલ કરતી જોવા મળે છે. આમ કરવા જતાં ઉદેશ્યપૂર્ણ પ્રવૃત્તિઓમાં ઢીલાશ, અનિયંત્રિતતા અને એક્સુત્રતાનો અભાવ સ્વભાવિકપણે જોવા મળે. આ પરિસ્થિતિમાં NCTE Norms and Guideline–2014, યુનિવર્સીટીની નીતિ અને નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું થાય છે. ઈન્ટર્નશીપની અસરકારકતા માટે શિક્ષણ મહાવિદ્યાલયના સમગ્ર કાર્યક્રમને સમસ્યાઓ અને ફલશ્રુતિની દ્રષ્ટીએ અવલોકવામાં આવે,

તાલીમાર્થીઓના સારા–નરસા અનુભવો ધ્યાને લેવામાં આવે તો ચોક્કસપણે અર્થપૂર્ણ યોજના બની શકે. આ વિચારથી પ્રેરાઈને તાલીમાર્થીઓના ઈન્ટર્નશીપ કાર્યક્રમની સમીક્ષા અને વ્યૂહરચના ઘડતરનો ઉપક્રમ સ્વીકાર્યો હતો.

**સમસ્યાકથન**

**અધ્યેતાએ પૂર્ણ વિચારણા બાદ નીચેની સમસ્યા પર અભ્યાસ હાથ ધર્યો હતો.**

**બી.એડ. દ્વિ–વાર્ષિક અભ્યાસક્રમમાં ઈન્ટર્નશીપ કાર્યક્રમને અસરકારક બનાવવાની વ્યૂહરચનાઓ**

**મુખ્ય શબ્દોની વ્યાખ્યા**

Internship

An Internship is a period of work experience offered by an organization for a limited period.

**વ્યૂહરચનાઓ**

A plan of action designed to achieve a long term or overall aim.

**હેતુઓ**

પ્રસ્તુત અભ્યાસ નીચેના હેતુઓ સહ હાથ ધરવામાં આવ્યો હતો.

૧. બી.એડ.ના દ્વિ–વાર્ષિક અભ્યાસક્રમની ઈન્ટર્નશીપ સંબંધિત વ્યૂહરચનાઓનું ઘડતર કરવું.

૨. ચોથા સેમેસ્ટરમાં અમલી વ્યૂહરચનાઓની સમીક્ષા હાથ ધરવી.

**પ્રશ્નો**

પ્રસ્તુત અભ્યાસ અંતર્ગત નીચે દર્શાવેલ પ્રશ્નોના ઉત્તર પ્રાપ્ત કરવામાં આવ્યા હતા.

૧. બી.એડ.ના દ્વિ–વાર્ષિક અભ્યાસક્રમની ઈન્ટર્નશીપ સંબંધિત કઈ કઈ વ્યૂહરચનાઓ અપનાવી શકાય?

૨. ચોથા સેમેસ્ટરમાં અમલી કરેલી ઈન્ટર્નશીપ વ્યૂહરચનાઓ સફળ થાય છે?

**સીમાંકન**

પ્રસ્તુત અભ્યાસ માટે વર્ષ:૨૦૧૮–'૧૯માં બી.એડ. કરતાં તાલીમાર્થીઓ પાસેથી ઈન્ટર્નશીપ અંગે માહિતી મેળવવામાં આવી હતી.

પ્રસ્તુત અભ્યાસ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સાથે સંલગ્ન એક સ્વનિર્ભર બી.એડ. કૉલેજ પૂરતો સીમિત હતો.

**નમૂના** તરીકે કુલ ૪૬ તાલીમાર્થીઓને સમાવ્યા હતાં.

**સંશોધન ઉપકરણ** તરીકે તાલીમાર્થીઓ માટે સ્વાનુભવકથન અને અવલોકનનોંધનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

તાલીમાર્થીઓ પાસેથી પ્રાપ્ત માહિતીના આધારે જ ઈન્ટર્નશીપની ગુણવત્તા સંબંધી વ્યૂહરચનાઓ દર્શાવવામાં આવી હતી.

**વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સાથે સંલગ્ન બિનઅનુદાનિત બી.એડ. કૉલેજોના ઈન્ટર્નશીપ કરતાં તાલીમાર્થીઓ પ્રસ્તુત અભ્યાસનું વ્યાપ વિશ્વ હતું. જે

પૈકી શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કૉલેજના ૪૬ તાલીમાર્થીઓને હાથવગા નમૂના પસંદગીની રીતે પસંદ કર્યા હતાં.

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન 'ગુણાત્મક સંશોધન પદ્ધતિ'એ હાથ ધરાયું હતું.

**ઉપકરણોની પસંદગી અને સંરચના**

પ્રસ્તુત અભ્યાસમાં બી.એડ.ની તાલીમ અંતર્ગત યોજાતી ઈન્ટર્નશીપની ગુણવત્તા સંબંધી વ્યૂહરચનાઓ દર્શાવવા બી.એડ. કૉલેજના તાલીમાર્થીઓના ઈન્ટર્નશીપ અંગેના અનુભવોનું કથન અને અધ્યાપકોએ શાળા મુલાકાત વેળાએ કરેલ અવલોકનનોંધનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં મૂલ્યો, અનુભવ, પ્રયોગો, કાર્ય, શાળાનું સ્તર, આચાર્ય કે કાઉન્સેલરનો સહયોગ તેમજ શાળાના શિક્ષકોનો સહકાર એમ કુલ સાત આધારો પર વિચારણા કરવામાં આવી હતી.

**માહિતી એકત્રીકરણની રીત**

નિયત ઉપકરણોની મદદથી બે તબક્કામાં માહિતી મેળવવામાં આવી હતી. પ્રથમ તબક્કે ત્રીજા સેમેસ્ટરમાં ઈન્ટર્નશીપ બાદ શાળાના લીડરને સ્વાનુભવ કથન કરવા જણાવેલ તેમજ બીજા તબક્કે ચોથા સેમેસ્ટરમાં ઈન્ટર્નશીપ બાદ તાલીમાર્થીઓ પૈકી ઈચ્છા ધરાવનાર તાલીમાર્થીએ અનુભવકથન કર્યું હતું. તેના આધારે વ્યૂહરચનાઓની ચકાસણી કરી હતી. આ ઉપરાંત અધ્યાપકોની શાળા મુલાકાત દરમ્યાનના અવલોકનોના આધારે ઘડાયેલી વ્યૂહરચનાઓને નિશ્ચિત કરી હતી.

**માહિતી વિશ્લેષણની રીત**

પ્રસ્તુત અભ્યાસમાં તાલીમાર્થીઓના સ્વાનુભવકથન અને શાળાની મુલાકાત વેળાએ અધ્યાપકોના અવલોકનો દ્વારા કરેલી અવલોકનનોંધની માહિતીનું વિશ્લેષણ કરવા સામાન્યીકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**અભ્યાસના તારણો**

બી.એડ.ના દ્વિ–વાર્ષિક અભ્યાસક્રમમાં ઈન્ટર્નશીપ સંદર્ભે રચેલ વ્યૂહરચનાઓ

- સારી શાળાઓને પ્રતિ વર્ષ ઈન્ટર્નશીપ માટે પસંદ કરવી.
- આચાર્ય કે કાઉન્સેલર સાથે ચર્ચા કરી તાલીમાર્થીઓની પ્રવૃત્તિઓ સુનિશ્ચિત કરવી.
- કાઉન્સેલરને વિવિધ પ્રવૃત્તિઓની માહિતી લેખિતમાં આપી યોજવા બાબતે સ્પષ્ટતા કરવી.
- એક શાળાની સારી કામગીરીઓને અન્ય શાળાઓ સુધી લઈ જવી.
- પરસ્પર અનુકૂલન ન સાધતા તાલીમાર્થીઓને એક ગ્રુપમાં ન મુકવા.
- જૂથ નેતાની પસંદગી કરતી વેળાએ તાલીમાર્થીઓની પસંદગીને મહત્વ આપવી.
- સકારાત્મક દૃષ્ટિકોણ ધરાવતી શાળાઓના ઉમદા વ્યવહારનો આભાર વ્યક્ત કરવો.
- પ્રવૃત્તિઓ અંગેની માર્ગદર્શિકા તૈયાર કરવી અને દરેક જૂથને આપવી.

- બુલેટિન બોર્ડ, સામાન્ય જ્ઞાન કસોટીઓ, ક્વીઝ સ્પર્ધાઓ, નીતિ–નિયમો, સુવિચારો જેવી માહિતી માટે તૈયારી કરાવવી.
- તાલીમાર્થીઓને કાર્યમાં સહયોગ ન કરતી શાળાઓની પસંદગી ટાળવી.
- શાળા પસંદગી વેળાએ શિસ્ત, માધ્યમ, ઘરથી શાળાનું અંતર ધ્યાને લેવું.
- તાલીમાર્થીઓની વર્તણુક સંબંધી પ્રશ્નો કૉલેજ પર જ ઉકેલવા.
- અન્ય સંસ્થાઓની ઈન્ટર્નશીપ ચાલતી હોય તેવી શાળા પસંદગી ટાળવી.

**ઈન્ટર્નશીપ વ્યૂહરચનાઓની સમીક્ષા**

- સારી શાળાઓને પ્રતિવર્ષ ઈન્ટર્નશીપ માટે પસંદ કરવાથી સારા પરિણામ પ્રાપ્ત થાય છે.
- આચાર્ય કે કાઉન્સેલર સાથે ચર્ચા કરી તાલીમાર્થીઓની પ્રવૃત્તિઓ સુનિશ્ચિત કરવામાં આવે તો બિનજરૂરી કાર્ય બોજ નિવારી શકાય છે.
- આચાર્ય કે કાઉન્સેલર સાથે ચર્ચા કરી તાલીમાર્થીઓની પ્રવૃત્તિઓ સુનિશ્ચિત કરવામાં આવે તો કાર્યોને સાચી દિશા મળે છે.
- સારી કામગીરીઓને મિડિયાથી અન્ય સુધી પહોચાડતા અન્ય શાળાઓ પણ કાર્યોમાં રૂચિ લે છે.
- તાલીમાર્થીઓને અનુકૂળ હોય તેઓને એક ગ્રુપમાં મુકવાથી સહકારયુક્ત કાર્ય વધે છે.
- તાલીમાર્થીઓની પસંદગી મુજબ જૂથ નેતાની પસંદગી થાયતો સંઘર્ષ થતો નથી .
- સકારાત્મક દષ્ટિકોણ ધરાવતી શાળાના ઉમદા વ્યવહારનો આભાર વ્યક્ત કરવાથી કૉલેજના શાળા સાથેના સંબંધો મજબુત બને છે.
- પ્રવૃત્તિઓ અંગેની માર્ગદર્શિકા દરેક જૂથને આપતા કાર્ય સમજ વધે છે.
- ઈન્ટર્નશીપ પૂર્વે બુલેટિન બોર્ડ, સામાન્ય જ્ઞાન કસોટી, ક્વીઝ સ્પર્ધા, સ્પર્ધાઓ તૈયાર કરાવી અમલ કરવો.
- શાળા પસંદગી વેળાએ શિસ્ત, માધ્યમ, ઘરથી અંતર જેવી બાબતો ધ્યાને લેવી.
- તાલીમાર્થીઓની વર્તણુક સંબંધી પ્રશ્નો કૉલેજ પર ઉકેલવા.
- અન્ય સંસ્થાઓને પણ ઈન્ટર્નશીપ ચાલતી હોય તે શાળા પસંદગી ટાળવી.

**ઉપસંહાર**

શિક્ષક પ્રશિક્ષણમાં સતત ચિંતન આવશ્યક છે. ઈન્ટર્નશીપ જેવા મહત્વપૂર્ણ કાર્યક્રમ સંદર્ભે સતત અવલોકન, પૂછપરછ કરતાં રહેવું જરૂરી છે. કાર્યક્રમના અંતે સમીક્ષા હાથ ધરીને આવતા અહેવાલો મુજબ પછીની ઈન્ટર્નશીપની વ્યૂહરચના ઘડવામાં આવે તો મોટાભાગના પ્રશ્નો નિવારી શકાય છે.

**સંદર્ભસૂચિ**

દેસાઈ, કે. જી. અને શાહ, જે. એચ.(૨૦૦૦).સંશોધન અને પદ્ધતિઓ. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

દેસાઈ, કે., શાહ, જે. એચ. અને શાહ, આર. પી.,(૧૯૮૪). શૈક્ષણિક પરિભાષા અને વિભાવના. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

રાવલ,બી.આઈ.(૨૦૦૩). દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી સંલગ્ન બી.એડ. કૉલેજોના તાલીમાર્થીઓને નડતી સમસ્યાઓનો અભ્યાસ.(એમ.એડ. લઘુશોધ નિબંધ) સુરત:વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી.

રાવલ,બી.આઈ.(૨૦૦૯). વિદ્યાભારતી ગુજરાત પ્રદેશમાં શિક્ષણ પ્રશિક્ષણ: એક સર્વગ્રાહી સમીક્ષાતમ્ક અભ્યાસ(અપ્રકાશિત)સુરત: વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી.

શાહ, ડી. બી. (૨૦૦૯). શૈક્ષણિક સંશોધન (દિશાદર્શન). અમદાવાદ: પ્રમુખ પ્રકાશન.

www.nctewrc.co.in

## મોબાઈલ

ક્યારેક સુખનાં સમાચાર આપતો આ મોબાઈલ,
ક્યારેક દુઃખના સમાચાર લાવતો આ મોબાઈલ
જેવી રીતે ચાલે સજીવોનું શ્વાસો થકી આ હદય,
એમ બેટરી થકી નિર્જીવ ચાલતો મોબાઈલ,
પૌષ્ટિક આહાર ને વિહાર પર નભતા આ જીવો,
એમ કંપનીના ટાવરો પર નભતો આ મોબાઈલ,
કોનો છે સંગ એના પર આધાર રાખે આ જીવન,
એક સીમકાર્ડ પર આધાર રાખતો આ મોબાઈલ,
દિવસ દરમિયાન સૌને કામમાં મદદ કરવા વાગે,
અને રાત્રે બોલીને હૈયા ફફડાવતાં આ મોબાઈલ,
છે ટેકનોલોજીનો ભાગ તો ખરાબ પાસાંય ધરાવે,
પણ આજે જીવનનો હિસ્સો બનતો મોબાઈલ,
લાગે છે અબોલ પણ જાણે એ સતત બોલ્યા કરે,
નેટવર્કને સાથે લ ઈ સતત જીવતો મોબાઈલ.

**“શિશુના સ્વર” માંથી સાભાર**